# ઈમિગ્રેશન વિશે વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

# Frequently asked questions about immigration

આ માહિતી *ઈંગ્લેન્ડ, વેલ્સ, સ્કોટલેન્ડ* અને *નોર્ધન આયરલેન્ડ*માં લાગુ પડે છે.

હું એક બ્રિટિશ નાગરિક છું અને મારી ગર્લફ્રેન્ડ બીજા દેશમાંથી યૂકેમાં સ્ટુડન્ટ વિઝા પર આવેલી છે તેની સાથે લગ્ન હું કરવા માગું છું. તેણીના આ દેશની કાનૂનિ સ્થિતિ (સ્ટેટ્સ) અંગે અમારે કશું ખાસ કરવાની જરુર છે? **2**

હું યૂકેમાં વિઝીટર વિસા પર આવેલો /આવેલી છું અને ડિગ્રીનો અભ્યાસ કરવા માટે આ દેશમાં રોકાવા માગું છું. અભ્યાસ કરવા માટેની પરવાનગી મને આપવામાં આવશે? **2**

મારી માતા યૂકેની નાગરિક નથી અને તેણી બીજા દેશમાં રહે છે. તેણી એકલી રહે છે અને તે હવે વૃદ્ધ અને ઘણી નબળી થઈ ગઈ છે. ઘણાં વર્ષોથી મેં તેને મદદ કરી છે. શું હું તેને મારી સાથે રહેવા માટે અહીં યૂકે.માં લાવી શકું? **3**

મારા અંકલ એવા દેશમાં રહે છે જેની રાજકીય પરિસ્થિતિમાં શાંતિ નથી અને ખૂબ હિંસા થઈ રહેલી છે. તેણે કહ્યું કે ઘર છોડીને બહાર જતાં બિક લાગે છે અને તે વિચારેછે કે જો તે યૂકેમાં થોડા સમય માટે આવે અને જ્યાં સુધી રાજકીય પરિસ્થિતિ થોડી શાંત ન પડી જાય ત્યાં સુધી શું તે રહી શકે? **3**

Copyright © 2002-2007 Citizens Advice All rights reserved

Registered charity no: 279057 Company no: 1436945 England

## હું એક બ્રિટિશ નાગરિક છું અને મારી ગર્લફ્રેન્ડ બીજા દેશમાંથી આવેલી છે તેની સાથે હું લગ્ન કરવા માગું છું. તેણી યૂ.કેમાં સ્ટુડન્ટ વિઝા પર આવેલી છે. તેણીની આ દેશની પરિસ્થિતિ (સ્ટેટ્સ) અંગે અમારે કશું ખાસ કરવાની જરુર છે?

લગ્ન કરતાં પહેલાં અથવા તમારી સિવિલ પાર્ટનરશીપ રજિસ્ટર કરાવતાં પહેલાં, તમારે ખાસ નિયત કરાયેલી (ડેઝિગ્નેટેડ) રજિસ્ટર ઓફિસમાં તે માટેની નોટિસ આપવી પડશે. સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ડમાં આવેલી તમામ રજિસ્ટર ઓફિસો આ માટે નિયત કરાયેલી ઓફિસો છે, અને ઈંગ્લેન્ડ અને વેઈલ્સમાં નિયત કરાયેલી 76 ઓફિસો છે. વધારે માહિતી માટે અને ઈંગ્લેન્ડ અને વેઈલ્સમાં આ માટે ખાસ નિયત કરાયેલી ઓફિસોની યાદી માટે જનરલ રજિસ્ટર ઓફિસ નો સંપર્ક કરો.

ઈંગ્લેન્ડ અને વેઈલ્સમાં તમારે રજિસ્ટર ઓફિસમાં એકસાથે જવું જરૂરી છે. સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ડમાં, તમે ટપાલ દ્વારા રજિસ્ટર કરાવી શકો છો - તમારે રૂબરૂમાં રજિસ્ટર ઓફિસ જવાની જરૂર નથી.

તમે જ્યારે લગ્ન કરવાની કે તમારી સિવિલ પાર્ટનરશીપ રજિસ્ટર કરાવવા માટેનો નોટિસ આપો ત્યારે તમારે નીચેની બાબતોના પુરાવા સાથે લાવવા જ પડે છે:

- નામો
- સરનામાં
- ઉંમર
- રષ્ટ્રિયતાઓ

જો તમે પહેલાં લગ્ન કરેલાં હોય કે રજિસ્ટર થયેલાં હો તો તમારે એ વાતનો પુરાવો બતાવવાનો રહેશે કે તમે લગ્ન કરવા માટે અથવા સિવિલ પાર્ટનરશીપ નોંધાવવા માટે મુક્ત છો અને મંજૂરીનું તમારું સર્ટિફિકેટ રજિસ્ટ્રારને આપવાનું રહેશે.

જો તમે સ્કોટલેન્ડ અથવા નોર્ધન આયરલેન્ટમાં ટપાલ મારફતે રજિસ્ટર કરાવો, તો તમારે તમારા પાસપોર્ટમાં લગાવેલ સ્ટિકરની ફોટોકોપી કરીને તે ફોટોકોપી તમારા લગ્ન અથવા સિવિલ પાર્ટનરશીપની નોટિસ આપતા કાગળોની સાથે રજિસ્ટ્રારને મોકલવાની રહેશે.

તમે લગ્ન કરવાની કે તમારી સિવિલ પાર્ટનરશીપ નોંધાવવાની તમારી નોટિસ મોકલાવી દો તે પછી, તમે લગ્ન કરી શકો અથવા તમારી સિવિલ પાર્ટનરશીપ નોંધાવી શકો તે પહેલાં ઈંગ્લેન્ડ અને વેઈલ્સમાં તમારે 15 દિવસ અથવા સ્કોટલેન્ડ અને નોર્ધન આયરલેન્ટમાં 14 દિવસ રાહ જોવી જ પડે છે. તે પછી તમે કોઈ પણ રજિસ્ટર ઓફિસમાં અથવા માન્યતા અપાયેલ સ્થળે લગ્ન કરી શકો કે સિવિલ પાર્ટનરશીપ નોંધાવી શકો છો.

Copyright © 2002-2007 Citizens Advice All rights reserved


Registered charity no: 279057 Company no: 1436945 England

એકવાર લગ્ન થઇ ગયા પછી તમારી નવી પત્ની તરીકે યૂકેમાં રહેવાની (મંજૂરી લેવા માટે) યૂકે બોર્ડર એજન્સીના ફોર્મ માટેની અરજી કરવી પડશે. તેના માટે કેટલીક કઠીન જરૂરિયાતો છે તે તમારી પત્નીએ પૂરી કરવાની રહેશે. તેણીએ એ પણ સાબિત કરવાનું રહેશે કે તે જ્યારે આ દેશમાં સ્ટુડન્ટ વિઝા પર આવી હતી ત્યારે તેનો ઈરાદો ઓથોરિટીને છેતરવાનો ન હતો. હવે પતિ-પત્ની તરીકે લગ્ન કરી લીધા પછી તમે તેણીનું ભરણપોષણ કરી શકો તેમ છો અને તેણીને સરકારી બેનિફિટો ઉપર આધાર નહિ રાખવો પડે, તો તેણીને તમારી પત્ની તરીકે રહેવાની પરવાનગી આપવામાં આવશે. શરુઆતમાં તેને 2 વરસની મંજૂરી આપવામાં આવશે. 2 વરસના અંતમાં તેણી કાયમ રહેવા માટેની અરજી કરી શકે છે.

## હું યૂકે વિઝીટર વિઝા પર આવેલો મુલાકાતી છું અને ડિગ્રીનો અભ્યાસ કરવા માટે આ દેશમાં રોકાવા માગું છું. મને તે માટેની પરવાનગી આપવામાં આવશે?

જ્યારે તમે મુલાકાતી તરીકે યૂ.કે.માં આવ્યા હતા, ત્યારે તમને એ આધારે દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હોય છે કે તમારા મુલાકાતી તરીકેના વિઝાની મુદત પૂરી થશે ત્યારે તમે તમારા દેશમાં પાછા જતા રહેશો. ઈમિગ્રેશનના કાયદા હેઠળ તમને અહીં અભ્યાસ કરવા માટે રોકાવાની પરવાનગી આપવામાં આવશે નહિ. જો તમે વિદ્યાર્થી બનવા માગતાં હો, તો તમારે યૂ.કે. છોડીને પાછા જવું પડશે અને યૂ.કે.માં વિદ્યાર્થી તરીકે આવવા માટે ભવિષ્યની તારીખમાં ફરીથી આવવા માટેની અરજી કરવી પડશે. તમારા વિઝાની મુદત પૂરી થયા બાદ પણ જો તમે યૂ.કે.માં રહેશો, તો પ્રવેશ માટે તમારી ઉપર લાગુ પાડવામાં આવેલી શરતોનો તમે ભંગ કરશો. આ એક ગંભીર ગુનો છે અને તે માટે તમારી ઉપર કાયદા વિરૂધ્ધ પગલાં લેવામાં અને તમને દેશનિકાલનો ઓર્ડર આપી શકે.

## મારી માતા યૂકેની નાગરિક નથી અને તેણી બીજા દેશમાં રહે છે. તેણી એકલી રહે છે અને તે હવે વૃદ્ધ અને ઘણી નબળી થઇ ગઇ છે. ઘણાં વર્ષોથી મેં તેને મદદ કરી છે. શું હું તેને મારી સાથે રહેવા માટે અહીં યૂ.કે.માં લાવી શકું?

તમે કદાચ તમારી માતાને યૂ.કે.માં લાવી શકો, પણ વધુ પરિસ્થિતિઓમાં તે માટેની શરતો ઘણી કડક છે, જે તમારે અને તમારી માતાએ પૂરી કરવાની રહેશે. સૌથી અગત્યની વાત એ છે કે, અહીં કાયમ માટે રહેવાનો અધિકાર તમારી પોતાની પાસે હોવો જ જોઈએ અને તમારી માતા સંપૂર્ણપણે નાણાંકીય રીતે તમારી ઉપર આશ્રિત હોવી જ જોઈએ અને ભારતમાં જેમની પાસે કોઇ જઈ શકે તેવાં કોઈ નજીકનાં સગાં ન હોવાં જોઈએ.


Copyright © 2002-2007 Citizens Advice All rights reserved

Registered charity no: 279057 Company no: 1436945 England

## મારા અંકલ એવા દેશમાં રહે છે જેની રાજકીય પરિસ્થિતિમાં શાંતિ નથી અને ખૂબ હિંસા થઈ રહેલી છે. તેણે કહ્યું કે ઘર છોડીને બહાર જતાં બીક લાગે છે અને તે વિચારે છે કે જો તે યૂકેમાં થોડા સમય માટે આવે અને જ્યાં સુધી રાજકીય પરિસ્થિતિ થોડી શાંત ન પડી જાય ત્યાં સુધી શું તે રહી શકે?

યૂનાઈટેડ નેશન્સ કન્વેશનના નિરાશ્રીતો અંગેના કરાર નામામાં યૂ.કે.એ પણ સહી કરેલી છે, એટલે તેનો અર્થ એવો થયો કે જે લોકોને તેમના પોતાના દેશમાં જાનનું જોખમ હોય, તેમને આ દેશમાં રાજકીય આશ્રય આપવા માટે તે વચનબદ્ધ છે. યૂ.કે.માં અસાયલમ (રાજકીય આશ્રય) માટેની અરજી કરવા માટેની કાર્યવાહી અત્યંત ગૂંચવણ ભરેલી છે અને હાલના સમયે તમારા કાકા અસાયલમ મેળવવા માટે લાયક બની શકે તેમ છે કે નહિ તે જાણવા માટે તમારે કોઈ નિષ્ણાતની સલાહ મેળવવી જોઈએ. બહુ ઓછી સંખ્યામાં અસાયલમની અરજીઓ સફળ થાય છે, એટલે તમારા અંકલ બીજી કોઈ રીતે આ દેશમાં આવી શકે તેમ છે કે નહિ એ પણ તમારે વિચારી જોવું જોઈએ. દાખલા તરીકે યૂ.કે.માં તેમના કોઈ પરિવારનાં સભ્યો રહેતાં હોય, જેના લીધે  તેમને અહીં રહેવાનો હક્ક જ્યાં સુધી રાજકીય પરિસ્થિતિ થોડી શાંત ન પડી જાય ત્યાં સુધી  મળી શકે તેવું બની શકે.

અંગ્રેજી સિવાય તમારી ભાષામાં અસાઈલમ માટે કેવી રીતે અરજી કરવી તેના વિશેની માહિતી લેવા માટે અમારી રેફયૂજી (નિરાશ્રિતો માટેની કાઉન્સિલ) કાઉન્સિલની વેબસાઈટ પર જુઓઃ http:languages.refugeecouncil.org.uk/.

Copyright © 2002-2007 Citizens Advice All rights reserved


Registered charity no: 279057 Company no: 1436945 England